સાલ : ૨૦ / સિલસિલાવાર નંબર : ૧૭૪ / શુમારો : ૬ | કુલ પાના - ૧૬

بسم الله الرحمن الرحیم

# مشكوة الهادي

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. | ઝુલ કાઅદતિલ હરામ-ઝુલ હિજ્જતિલ હરામ ૧૪૪૪ / જૂન-જૂલાઇ ૨૦૨૩

## દુનિયા પર આવનારી મોટી આફત

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, “ઈન્નકા લઅલા ખોલોકિન અઝીમ” યાઅની અય રસૂલુલ્લાહ ! હમેં આપને નેક અખ્લાક પર કીધા છે. નબી બના પહેલા રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને મક્કાના લોગો સાદિક અને અમીન કહીને પુકારતા હતા. સાદિક યાઅની હર વક્ત સાચુ બોલનાર અને અમીન યાઅની અમાનતદાર. ભલે આ બે ચીઝ સાંભલવામાં આસાન છે, મગર એના પર ચાલવું ઘણું મુશ્કિલ છે. ફજર થી લઈને રાત તક એક દિનમાં અપને કેટલું જુઠ્ઠુ બોલીએ છીએ એના પરથી અંદાઝો આવે છે કે, અપને કેટલી હદ તક સાચા છે. અમીનનો મતલબ ફક્ત એ નથી કે, કોઈની આપેલી અમાનત એને તેની અસલ હાલતમાં પાછી આપવામાં આવે. મગર અમીનનો મતલબ કોઈનો રાઝ, રાઝ રાખવો છે, પોતાના તરફથી દીની અને દુનિયવી મોઆમેલાતમાં પોતાના ફાયદાને વાસ્તે અને મતલબને વાસ્તે કોઈ ચીઝ ન કરવી તેનો પણ છે.

તો, સાચુ બોલવું અને અમાનતદારી ઉંચામાં ઉંચા ઈન્સાની અખ્લાક છે. યાઅની હ્યુમન વેલ્યુઝ છે. **દુનિયાનો કોઇ પણ મઝહબ ઇન્સાની અખ્લાકનો જ સબક આપે છે.** જે જગા પર પણ મઝહબ ના નામ પર ઈન્સાની અખ્લાકને સિવાય કામ થયા અને લોગો પર ઝુલ્મ થયા, તે વક્ત હ્યુમન રાઈટ્સ યાઅની ઈન્સાની હુકૂકનો તસવ્વુર વુજૂદમાં આવો. આજે ઈન્સાન હ્યુમન વેલ્યુઝ અને હ્યુમન રાઈટ્સ, યાઅની અખ્લાક અને હુકૂકને દરમિયાન ઝોલા ખાઈ રહ્યો છે. આજના ઝમાનામાં અખ્લાક મિટી રહ્યા છે અને હુકૂકની આડમાં ગુનાહો વધી રહ્યા છે.

કોઈ બૈરો સાથે બદ-તમીઝી કરવી એ અખ્લાકને ખિલાફ છે. મગર આજે ઈન્સાન એમ કહે છે કે, આમ કરવું મારો હક્ક છે ! પશ્ચીમી મુલ્કોમાં એક નવી ચીઝ ઈન્સાને ઈજાદ કીધી છે જે અખ્લાકને ખિલાફ છે મગર હુકૂકના નઝરીયાથી સહી કરાર આપવામાં આવી રહી છે, તે છે મરદનો મરદ ને સાથેનો જિસ્માની રિશ્તો-લેવાત અને બૈરો-બૈરો સાથેનો રિશ્તો-સેહાક. એક જમાઅતે આ બદીને પોતાનો હક્ક સમઝીને કોર્ટને અંદર સાબિત કીધું છે કે, આ ઈન્સાનનો બુનિયાદી હક્ક છે અને હર ઈન્સાનને પોતાના તરીકા મુજબ ઝિંદગી બસર કરવાનો હક્ક છે. તેથી આ બદી તે તમામ મુલ્કોને અંદર આમ થઈ ગઈ અને તેઓ ઝાહિરી તૌર પર શાદી કરવા લાગા. મગર યાદ રહે કે, કુરઆને કરીમમાં અલ્લાહતઆલા લુત (અ.સ.) ના બયાનમાં એમ ફરમાવે છે કે, આપની કૌમ પણ આ જ બદી પર સવાર હતી અને કઈ તરહ અલ્લાહતઆલાનો અઝાબ તેઓ પર નાઝિલ થયો અને એ મુજબનો ઝલ્ઝલો આવો કે, આ બદ લોગોનો વુજૂદ જ મિટી ગયો.

શું અપને નથી જોતા કે, દુનિયામાં ઝલ્ઝલા (કુદરતી આફતો) કેટલી વધી ગઈ છે ? દુકાળ-કહેત જેવી કુદરતી આફત કેટલી ઝિયાદહ થઈ રહી છે. **દુનિયાનો કોઇ પણ મઝહબ યા આસ્માની કિતાબો આ બદીને જાઇઝ ઠેહરાવતું નથી.** મગર અફસોસ ! એક નાપાક કૌમના સબબ અલ્લાહતઆલાનો અઝાબ નાઝીલ થાશે, જેનું કોઈને ઈલ્મ નથી. આજે અપના મુલ્ક હિન્દુસ્તાનમાં પણ આ બદીને જાઈઝ ઠહેરાવવા આવાઝ ઉઠી રહ્યો છે (બકીયહ પેજ નં. ૭ પર)

**ઈલ્મ એક મોટી નેઅમત છે અને ગહેરો દરિયો છે, તેને હાસિલ કરવા વાસ્તે ચંદ અદબો ઝરૂરી છે.**

## અલ-અકાઈદુલ અલવીયહ - કિસ્ત-૨૭
## અલવી અકીદાઓ - અકીદો - ૪૩

**અકીદો ૪૩ : રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઇન્તેકાલ બાદ આપની ઉમ્મતે હર લેહાઝથી ઇખ્તેલાફ કીધો અને લોગો અલગ-અલગ ફિરકાઓમાં તકસીમ થઇ ગયા.**

હમારો અકીદો આ છે કે, પહેલાના ઝમાનાની મુખ્તલિફ અંબિયાની ઉમ્મતોએ જેમ કીધું હતું, તે જ મુજબ નબી સાહેબ મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) ની ઉમ્મતે કીધું. આપના ઈન્તેકાલ બાદ ઉમ્મત વિખરાઈ ગઈ, તેમાં તફરેકો પડી ગયો, ફસાદ પૈદા થઈ ગયો, હલાલો હરામને પલટાવી દેવામાં આવા, લોગો મનમાની કરવા લાગા અને પોતાના ગરઝ-મતલબને આગલ કરીને શરીઅતને પીઠ પાછલ નાખી દીધી. ઘણા ઓછા લોગો સહી ઈસ્લામ પર સાબિત રહ્યા, ઈમાનને સાચવું, દીને હક્કના અકીદાઓ અને રૂસૂમાત પર બાકી રહ્યા, કાઈમ રહ્યા.

નબી સાહેબે ફરમાવું કે, "ઝરૂર ! તમેં તે આગલી ઉમ્મતોંના રસ્તા પર ચાલશો, બરાબર બરાબર ! યહાઁ તક કે, તે લોગો અગર **પાટલા ઘોના દરમાં** ઘુસા હશે તો તમેં પણ એવું જ કરશો." એક બીજી હદીસમાં આપ ફરમાવે છે કે, "ચોક્કસ ! તમેં તમારા આગલ ગુઝરનારાઓની રાહ પર ચાલશો, બરાબર બરાબર ! યહાઁ તક કે, તે લોગો **ભમરીના જાલામાં** ગયા હશે તો તમેં પણ તે જ મુજબ કરશો." આ તરહ ઉમ્મતે મોહંમદીયહનો હાલ થયો કે, તેઓ આગલી ઉમ્મતો જેવી જ ભુલ કરી બેસા. યહૂદીઓ અને ઈસાઈઓની કૌમમાં સહી આલિમો ને મુકીને જૂઠા મક્કાર શખ્સોને લોગો તાબેઅ થયા, જે ખુદને જાણકાર અને પરહૈઝગાર દેખાડતા હતા, તેઓએ કૌમ પર પગદંડો જમાવીને નાહક્ક કબ્ઝો કરી લીધો અને **નતીજતન લોગો ગુમ્રાહ થઇ ગયા.**

આ જ મુજબ ઉમ્મતે મોહંમદીયહમાં ઝાલિમ બાદશાહો, જૂઠા આલિમો અને બનાવટી ઈબાદતગુઝારોનો હાલ હતો. જબ્બાર ઝાલિમ બાદશાહો તેઓના હુકમનો સિક્કો ચલાવી લોગો પર ઝુલ્મો જફા કરતા રહ્યા અને ઝબરદસ્તીથી તેઓની જ તાબેઅદારી કરવા પર મજબૂર કીધા. પોતાની શોહરત, મતલબ અને શાહીને કાઈમ રાખવા તેઓ ઉમ્મતમાં ફેલાતી બિદઅતો, ઈખ્તેલાફાત અને ફિરકાપરસ્તીને રોકી ના સકા. કત્લો ઝુલ્મ બાદ હાથમાં બાદશાહત આવવાથી તેઓના દિલોમાં નબી સાહેબના અહલુલ બૈત (અ.સ.) ના ઈમામે હક્ક તરફની જે અદાવત-દુશ્મની છુપાયેલી હતી તે બાહર દેખાવવા લાગી.

ઉમ્મતના ગુમ્રાહ અને જાહિલ લોગો કે, જેઓનો ફિત્નો નબી સાહેબની હાઝિરીના રોઅબથી દબાયેલો હતો, તે આપના ઈન્તેકાલ બાદ ખૂબ ઝોરથી બાહર ઝાહિર થયો. આ ફિત્નાપરવર લોગો નબી સાહેબના કાઈમ મકામ, વસી અને વલી, મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) પર **ઇમાન લાવવાનો ઇન્કાર કરી બેસા.** નબી સાહેબની વસીયતને ભુલી ગયા અને આપના કાઈમ-મકામને તસ્લીમ અને કુબૂલ કરવામાં ધાકપિછોડો કરવા લાગા. હક્કના સાહેબ મૌ.અલી સાહેબે ઝુલફિકાર (અ.સ.) ને એમના મકામમાં બેસવાથી આ ફિત્નાખોરોએ રોકા કે, જેનો હુકમ ખુદ અલ્લાહ અને અલ્લાહના રસૂલે ફરમાવો હતો.

આપના ઈન્તેકાલ બાદ આપની ઉમ્મત આપે બતાવેલા રસ્તા, અહકામ અને સુન્નત પર બાકી ના રહી. ભારીમાં ભારી આપની સુન્નત કે, જે **ઇસ્લામના તમામ અરકાનમાં આખિરી અને અહમ હતી** અને જેનો તઅલ્લુક આપના વારિસ અને વલી સાથે હતો, તેનામાં જ ઈખ્તેલાફ પૈદા કરવામાં આવો. પછી મિમ્બરે રસૂલ પર કદમ મુકીને હક્કદારના હક્કને મારો, આપના અહલે બૈતને સતાવા, ઈઝા દીધી, શરીઅતમાં ફેરફાર કરી દીધા, તેમાં નવી-નવી ચીઝો શામિલ કીધી, યાઅની કે, દીનને ખિલૌનું બનાવી દીધું.

(બકીયહ પેજ નં. ૩ પર)

**તેમાં પહેલી ચીઝ નૈક નિય્યત અને પાકો ઈરાદો છે.**

(પેજ નં. ૨ નું બાકી)

આગલા નબીઓ કે જેની તારીખ-કિસ્સાઓ કુરઆને કરીમમાં પૈશ કરવામાં આવા છે, તેના પર હમેં નઝર નાખીએ તો માઅલૂમ થાશે કે, હર રસૂલ-નબી બાદ તેઓની ઉમ્મતના બગાવત કરનાર લોગોએ જે જે હરકતો કીધી હતી, ફિત્ના-ફસાદ કીધો હતો, તે જ મુજબ નબી સાહેબ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ઉમ્મતના લોગોએ કીધું, **બલ્કે ઘણી ઝિયાદહ શદીદ મુખાલેફત કીધી.** નબી સાહેબ બાદ વાકેયએ ગદીરે ખુમ્મ અને તાજપોશીએ અલીયુલ મુરતઝા (અ.સ.) ને ભુલાવી દેવામાં આવો. આપના કાઈમ મકામને છોડીને લોગોએ બેવફાઇ કીધી અને પોતાના પસંદીદહ સરદારને ઈખ્તિયાર કરી લીધા.

સરદારે બાતિલની પૈરવી કરવા લાગા, જે અમલ ના તો કુરઆનના હુક્મથી સાબિત હતો, ના તો નબી સાહેબના કલામથી, બલ્કે આ બિદઅત તો આગલા નબીઓની ઉમ્મતના નાફરમાન લોગોએ ચાલુ કીધી હતી. આ બની બેસેલા સરદારો પાસે ના તો પાયાનું નુઝૂલે કુરઆન યા અરકાને શરીઅતનું ઈલ્મ હતું, ના કોઈ ઝાતી પાકીઝગી હતી, ના વસીયતે રસૂલ પર અમલ કરવાની કોઈ ચાહ-રગબત હતી. ફક્ત રિશ્તેદારી અને કરાબતદારીના સબબ પોતાના સર પર સરદારીનો સહેરો પહેરી લીધો હતો. તેઓના ઝહેનમાં આ વાત-હકીકત ભુલાઇ ગઈ હતી કે, આકા અલી સાહેબે ઝુલફિકાર (અ.સ.) વસાયત, કરાબતદારી, સરપરસ્તીએ કૌમના મૈદાનમાં તમામ કરતા મુકદ્દમ-અવ્વલ દરજા પર પહેલાથી જ ફાઇઝ હતા. આકા અલીના મુકાબિલ અસ્હાબે રસૂલમાં કોઈ એક પણ કોઈ એક લેહાઝથી પણ હમસર યા હમપલ્લા હોવાનો દાઅવો ન્હોતા કરી શકતા.

પછી તે, નબી સાહેબ સાથેની રિશ્તેદારી હોય, ખાનદાની શરફ હોય, જેહાદ કરવામાં શુજાઅત અને જાઁફિદાઇ હોય, દૌલતને સર્ફ કરવામાં ફૈઝ અને સખાવત હોય, ઈલ્મની ગહેરાઈ હોય, ઈમાનની મઝબૂતી હોય વગૈરહ, **તમામમાં આકા અલી બરતર, અફઝલ અને બહેતર હતા.** તકબ્બુરી, હસદ અને હિર્સની આગમાં આકા અલીની મસ્નદે હક્કને ગસબ કરી લેનારાઓએ નબી સાહેબની વાત આપની ઝિંદગીમાં પણ ના માની અને આપના ઈન્તેકાલ બાદ તો આ લોગોએ ઉમ્મતમાં મોટો ફિત્નો પૈદા કીધો.

જેમ નબી મૂસા કલીમુલ્લાહએ આપની કૌમને વસીયત કીધી હતી કે, "હું કોહે તૂર પર જાઉં છું, તમેં અય લોગો ! મારી જગા પર મારા ભાઈ મૌ.હારૂનના અમરો હુક્મને માની ઈતાઅત લઈ ઉઠજો, ફરમાનને બજા લાવજો." મગર તે કૌમમાંથી ફિત્નાવર લોગોએ આપની તાકીદ અને વસીયતને રદ્દ કીધી અને એક કાફિર સામરીના બહેકાવવાથી વાછરડાને પોતાનો રાહનુમા અને ખલીફો બનાવી લીધો. મૌ.હારૂન જે હક્કના સાહેબ હતા, એમની પૈરવી મુકી દીધી, આપને ઈઝા દેવા લાગા અને આપના ખિલાફ એક જાનવરના બુત નઝદીક સર ઝુકાવવા લાગા. આજ તરીકા પર હમેં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની વસીયત પર ગૌર કરીએ કે, જેમાં **ઇતાઅતે મૌ.અલી સરે ફહેરિસ્ત હતી,** ઉમ્મતે મોહંમદીયહના ગરઝપરસ્તોએ ગદીરે ખુમ્મનો વાકેઓ ભુલાવી દીધો.

લોગોએ ખુદના ગુમાન, રાય, કિયાસ અને ફાયદો જોઈને પોતાના પસંદીદહ સરદાર ચુની લીધા અને એમની નાહક્ક પૈરવી કરવા લાગા. આ તરહની આ લોગોની સરદારી ના તો કુરઆનના કોઈ હુક્મથી સાબિત હતી, ના નબી સાહેબનો કોઈ કૌલ તે વાસ્તે હતો, ના આગલા અંબિયાની સીરતથી તેનો કોઈ રિશ્તો હતો. ઈલ્મીયત, તહારત, ઝોહાદત, સદાકત અને શરાફતથી તેઓના દામન ખાલી હતા. **ફક્ત એક કરાબતદારીની આડમાં અને તે વાસ્તે ફખર ખાઇને સરદારીનો દાઅવો કરી બેસા હતા.** અહલે બૈતે રસૂલ (અ.સ.) થી બેઈન્તેહા દુશ્મની ઓઢી લીધી હતી કે, જેની મિસાલ તારીખે ઈન્સાનીયતમાં મિલવી મુશ્કિલ છે.

(બકીયહ પેજ નં. ૪ પર)

**તે બાદ ઝબાનને બંધ કરી ચુપ થઈ જાવું છે.**

(પેજ નં. ૩ નું બાકી)

આકા અલી તો નબી સાહેબના દીની ભાઈ હતા, દામાદ હતા, કાકાજી મૌ.અબૂ તાલિબના દીકરા હતા અને આપના જ ખાનદાનના કુરૈશી-હાશિમી હતા. કોઈ બૈરો કે, જે નબી સાહેબના નિકાહમાં આવે અને એના બાવાજી સસરા બને, તો આ રિશ્તેદારી એને નબી સાહેબના મુખ્લિસ હોવાની સનદ નથી આપી દેતી યા એ લોગો આકા અલીથી મુકદ્દમ નથી થઈ જાતા. મગર તારીખે ઈસ્લામના સફહાત હમને બતાવે છે કે, નબી સાહેબની રહેલતે કરીમહ બાદ મુમેનીનના મૌલા, આકા અલી અને આપના શીઅયાન પર આપનો હક્ક છીનનાર ઝાલિમો તરફથી શદીદ જૌરો ઝુલ્મ થયો.

આકા અલીના ઘર-બૈતે શરફના દરવાઝા પર લાકડાઓ મુકીને જલાવવામાં આવા, જેમાં નબી સાહેબના મહેબૂબ દુખ્તર સૈયેદતો નિસાઈલ આલમીન માઁ ફાતેમા ઝહરા (અ.સ.) રહેતા હતા. આપ પર ઝિયાદતી થઈ, દરવાઝો પાડો જેથી આપ ઝખ્મી થયા અને આ હમ્લો આપની શહાદતનો સબબ બનો. આકા અલીને રસ્સીથી બાંધીને બયઅત વાસ્તે મજલિસે ગાસિબમાં લઈ જાવામાં આવા. આ ઝુલ્મ એ જ મુજબ હતો કે, જે કૌમે બની ઈસ્રાઈલે વસીએ મૌ.મૂસા કલીમુલ્લાહ (અ.સ.) પર ઢાયો હતો. મૌ.મૂસાના વસી અને વારિસ મૌ.યૂશઅ બિન નૂન પર ઈમાન લાવવા અને આપને હક્કના સાહેબ તસ્લીમ કરવા પર તે કૌમના ફસાદદાર લોગો તરફથી ઈખ્તેલાફ અને ફિરકાવરીયત દાખિલ થઈ હતી. આ સબબથી બની ઈસ્રાઈલ ઘણા ફિરકામાં તકસીમ થઈ ગયા હતા અને તે કૈફીયત ઉમ્મતે મોહંમદીયહમાં આજે પણ જોવા મિલે છે.

નબી સાહેબે આપની હદીસે શરીફમાં ફરમાવું છે કે, મારા ઈન્તેકાલ બાદ મારી ઉમ્મત ૭૨ ફિરકામાં તકસીમ થઈ જાશે અને ૭૩ મો ફિરકો નાજીયહ હશે, હક્ક પર હશે, તકવા પર હશે. મારી ઉમ્મત પણ આગલી ઉમ્મતોના નક્શે કદમ પર ચાલશે, યહાઁ તક કે, તેમાંથી થોડા લોગો અગર પાટલા ઘોના દરમાં પેસી જાશે તો તમામ તેમના પાછલ બગૈર કોઈ વિચાર-સમઝ, **તેમનો પીછો કરશે અને ગુમ્રાહ થઇ જાશે.** ઉમ્મતના નાદાન લોગો તે કૌલ ભુલી ગયા કે, જેમાં નબી સાહેબે ફરમાવું છે કે, **"આકા અલી જ સિરાતે મુસ્તકીમ છે અને નજાતનો રસ્તો છે."** આપની વલાયત સિવાય બીજા તમામ લોગો જે સરદારે કૌમ હોવાનો દાઅવો કરે છે, તે જૂઠા છે, ગુમ્રાહ છે અને દુનિયાપરસ્ત છે. આકા અલી જ રાહે હિદાયતના ઈમામ છે, ખલીફા છે અને આપનું દામન જ હબ્લુલ્લાહિલ મતીન છે. ✯


## તિજારત

**HAATEMI COLLECTION**

**રીદા, જોડી, ડ્રેસ, કોટન દુપટ્ટા, ટી-શર્ટ, સલવાર, મોજા, હેન્ડબેગ, સ્કાફ, નુરી ટોપી, બ્રોચ, પીન, કપડાના પાઉચ, સફરા, જાજમ અને લેડીસ રીલેટેડ આઇટમ્સ ના વેપારી.**

Shop no. 9 Taj Complex,
Ajwa Road, Vadodara - 390019.

**FATEMA B. BHAISAHEB**

**Ph.: 9408786281 / 7990540997** ✯

**Ismat Tinwala (MA, B.Ed.)**

**25 Years** of Proficiency in
Sanskrit, Hindi & Gujarati Subjects.

**8th to 12th (GSEB, CBSE, ICSE)**

A2/103, Ali Chamber-1, 1st Floor, Taiyebi Park, Ajwa Road, Vadodara - 390019.

**Ph.: 09409156524** ✯


**દાઅવતે હક્કનું ઈલ્મ, દુનિયા-આખેરતની તમામ હુજ્જતો, વુજૂહાત-પહેલૂઓનું એન્સાયક્લોપીડિયા છે. અઝીમ મજમૂઓ છે.**

## દરસે કુરઆને કરીમ : સૂરતુલ બકરહ

### આયત : ૪૯, ૫૦, ૫૧ અને ૫૨

**આયત ૪૯ :** અને યાદ કરો જે વક્ત ફિરઔનવાલાઓથી હમેં તમને છોડાવા, જેઓ તમને બુરા અઝાબમાં મુબ્તેલા કરતા હતા. તમારા દીકરાઓને ઝબેહ કરતા હતા અને તમારા બૈરાઓને ઝિંદા છોડી દેતા હતા. આમાં તમારા રબ તરફથી મોટી આઝમાઇશ છે.

**આયત ૫૦ :** અને તમેં જોવ છો કે, હમેં ફિરઔનવાલાઓને ડૂબાવા તે દરીયામાં કે, જે વક્ત હમેં તે દરીયાના પાનીને બે હિસ્સામાં ચીરી નાંખા કે, તમેં તેમાંથી ચાલી શકો.

હર ઝમાનમાં ફિરઔન-સિફત સરદારો મૌજૂદ હોય છે. લોગોમાં ડર ફેલાવવા તરહ-તરહના હીલા કરે છે, પોતાને ખુદા માનવા પર લોગોને મજબૂર કરે છે. તેઓની શાહી-હુકમરાની બરકરાર રાખવા સેંકડો લોગોને મૌતને ઘાટ ઉતારી દે છે. આના સબબ મુમેનીન પોશીદા ઝિંદગી ગુઝારે છે. અલ્લાહના નબી બાતિની તૌરથી કારે દાઅવત ચલાવે છે. મગર વક્ત આવવા પર કુફ્રની કમર તોડવા અને **કાફિર સરદારો-શહેનશાહોના જૂઠા ખુદાઇ દાઅવાને** રદ કરવા એજાઝ પણ બતાવે છે.

ફિરઔન-વલીદ બિન મસ્અબ ખુદાઈનો દાઅવો કરતો હતો, ઝાલિમ હતો, કાતિલ હતો મગર ડરપોક હતો. પોતાના તખ્તો તાજને બચાવવા બની ઈસ્રાઈલના હઝારો બચ્ચાંઓને મૌતના મૂઁહમાં ધકેલી દીધા. બૈરાઓ પર શદીદમાં શદીદ ઝુલ્મ કીધો. પણ એ બેખબર હતો કે, દીને હક્કના સિરાજ એની જ સલ્તનતમાં, એના જ મહેલમાં રૌનક અફરોઝ થઈ રહ્યા છે. એના ઝુલ્મનો જવાબ આપવા ઈન્સાફની અસા ઉચકનાર મૌ.મૂસા કલીમુલ્લાહ જવાન થઈ રહ્યા છે. ફિરઔનને ખબર ન્હોતી કે, એ જે ડગર પર છે તે મુજબ આગલી ઉમ્મતોમાં પણ બની ચુકું છે. ઝાલિમ બાદશાહો અઝાબે અલીમમાં ગિરફતાર થઈ ચુકા છે. અલ્લાહતઆલાએ ફિરઔન અને એના સાથીઓને દરીયાએ નીલમાં ડૂબાવી દીધા. **એની તમામ તાકત, દૌલત, રસાઇ પાનીમાં ગરક થઇ ગઇ.** એના બાતિલના નિશાનો એક-એક કરીને ગુમનામ જગાઓ પર નદીના પાનીમાં વહી ગયા.

અય મુમેનીન ! તમેં સઘલા અલ્લાહતઆલાના આ અઝાબ પર ગૌર કરો, ફિકર કરો, ઈબરત લો અને તમેં આ તમામ બલાથી, આઝમાઇશથી બચી ગયા તે વાસ્તે અલ્લાહનો હમ્દ કરો અને તેની હર નેઅમતની કદરદાની કરો. ઈમાનની આ નેઅમત તમને બીજા કોઈથી નહીં પણ તમારા ઈમામના સબબ મિલેલી છે. તમને હર લેહાઝથી સેહત અને આફીયત બખ્શેલી છે. તમને ઈમામની માઅતેફત સાથે ઈલ્મના દરજાત ચઢાવા છે. તમારા હાથમાં વલાયતની જે રસ્સી છે તેને મઝબૂત બનાવી છે. તમારી દીનો દુનિયાને સુધારવા વાસ્તે તમને ઈમામતનાં દાએરામાં વસાવેલા છે. હવે અગર, તમને દુનિયાનો કોઇ હમ-ગમ અને દુઃખ આવી પડે, તો તમેં **આ તમામ નેઅમતોને યાદ કરજો,** બલાએ અઝીમથી તમેં બચેલા છો તેને યાદ કરજો અને આગલી ઉમ્મતો જેવું તમારા સાથે નથી થયું તેનો શુક્ર કરજો.

**આયત ૫૧ :** અને મૌ.મૂસા કલીમુલ્લાહને હમેં જે વક્ત ચાલીસ રાત નો વાઅદો કીધો તો આપના જાવા બાદ તમેં લોગોએ આપના કાઈમ મકામના બદલે એક વાછરડાને ઈખ્તિયાર કીધું યાઅની તમેં તેની પૈરવી કરવા લાગા. તમેં ઝાલિમ છો.

**આયત ૫૨ :** તે બાદ તમારી તૌબાના સબબ હમેં તમારા તે બદ અમલની મુઆફી અતા કીધી. આના બાવજૂદ હમારા કરમને તમેં ફરામોશ કરશો. ઉમ્મીદ છે કે, તમેં હમારો શુક્ર બજા લાવો.

(બકીયહ પેજ નં. ૬ ૫૨)

**સાંભલા બાદ તેના પર ગૌર-ફિકર કરવું છે, વિચાર કરવું છે.**

(પેજ નં. ૫ નું બાકી)

ઉપરની બે આયતોમાં મૌ.મૂસા કલીમુલ્લાહની ઈબાદત, કિતાબ, વસી અને હિદાયતની ઝિક્ર છે. આપની હાઝિરીમાં આપની કૌમ બરાબર આપના ફરમાન મુતાબિક ચાલે છે પણ આપની ગૈરહાઝિરીમાં તે જ લોગો દીને હક્કને છોડીને ગાયના બચ્ચાની પૂજા કરતા થઈ જાય છે. હઝારો સાલ પહેલે આ કિસ્સો બનેલો છે, પણ તેના બાતિની મફહૂમ અને હકીકત એવી છે કે, આજે પણ એવા નાફરમાન લોગો જહાનમાં હાઝિર છે. જેઓ સાહેબે હક્કને તરછોડે છે અને બાતિલનો સાથ આપે છે. યાઅની કે, કોઈ પણ નબીના ઝમાનનો કિસ્સો એના લોગો તક જ મહેદૂદ નથી, મગર તે કિસ્સાથી યૌમે કેયામત તક અહલે જહાન ઈબરત લેતા રહેશે.

મૌ.મૂસા કલીમુલ્લાહની ઈલ્તેજાના સબબ, અલ્લાહતઆલાના ફરમાનથી આપ તૂરે સૈનાના પહાડ પર ચાલીસ રાત વાસ્તે ઈબાદત કરવા પધારા કે, અલ્લાહએ જે કિતાબનો વાઅદો કીધો છે, તે તૌરત કિતાબ આપને અતા થાય. આપની ગૈરહાઝિરીમાં આપની ઉમ્મતના લોગો ગુમ્રાહ ના થાય અને આપની હિદાયતને વિલગીને રહે તે વાસ્તે આપ પૂરો એહતેમામ કરીને તૂરે સૈના પર પધારા. લોગોને ખબર હતી કે, આપના વારિસ અને કાઈમ મકામ મૌ.હારૂન છે અને **એમની પૈરવી, ઇતાઅત અને અઝમત સાચવવી તેઓ ઉપર લાઝિમી છે.**

હવે, જે વક્ત આપ ઈબાદત વાસ્તે પધારી ગયા તો બની ઈસ્રાઈલના ફસાદખોર લોગોને ફિત્નો કરવાનું ખુલ્લું મૈદાન મિલી ગયું. જાદૂગરો-કાફિરોનો ફિત્નો ઝાહિર થાવા લાગો. મૌ.હારૂનની ખુલ્લેઆમ નાફરમાની અને બેઈઝઝતી કરવા લાગા, જેમ મૌ.આકા અલી સાથે નબી સાહેબના ગુઝરી જાવા બાદ બનું હતું. લોગો મૌ.હારૂનની ઈતાઅતને મુકીને શરીઅતના તમામ હુદૂદને તોડીને, ઈમામે મૌજૂદને તરછોડીને સામરી નામના એક કાફિર જાદૂગરના બહેકાવામાં આવીને ગાયના બચ્ચાની પૂજા કરવા લાગા, તેના નઝદીક સર ઝુકાવીને મુરાદો માંગવા લાગા. રાહે તૌહીદને છોડીને રાહે શિર્ક પર ચાલતા થઈ ગયા. મૌ.હારૂને ખૂબ સમઝાવા મગર આપના હક્કના કલામને કોઈએ કબૂલ ના કીધા.

મૌ.મૂસા કલીમુલ્લાહ જે વક્ત પાછા ફિરા તો આપ ખૂબ ગઝબનાક થયા, ફાસિદો પર લાઅનત-મલામત કીધી, મૌ.હારૂન સિવાય બીજાની ઈતાઅત કરવા પર આપે શદીદ ઈતાબ કીધો અને અઝાબથી ડરાવા. અલ્લાહતઆલાના હુકમથી મૌ.મૂસાએ હુકમ કીધો કે, જે શખ્સો જાનવરને પોતાના ખુદા માને તેઓને હલાક કરી દેવામાં આવે. **આ એક મોટો ગુનાહ છે અને તેની સઝા મૌત છે.** આ એવી સઝા હતી કે, જે આ ઉમ્મત પહેલા યા તેના પછી કોઈ ઉમ્મત પર ફટકારવામાં આવી નથી. આના સબબ જ અલ્લાહતઆલાએ મૌ.મૂસાને કિતાબ અને ફુરકાન આપા કે, જેથી આપ અને આપના મુમેનીન, કાફિર લોગોના ફિત્ના સામે મુકાબેલો કરી શકે. ✫

## ચાર નહેરો

જન્નતમાં શજરતે તૂબાના નીચેથી એક નહેર વહે છે. તે નહેરમાંથી બીજી ચાર નહેરો નિકલે છે, પાનીની, દૂધની, પાક શરાબની અને મધની. આ નહેરોની મિસાલ પર દાઅવતે હક્કમાં ચાર મરતબાઓ કાઈમ છે, નુબૂવત, રિસાલત, વસાયત અને ઈમામત. હર ઈમામ પોતાના ૧૨ હુજ્જતોમાંથી ચારને આઅલા કરે છે. દાઅવતે હક્કમાં ચાર કિસ્મના ઈલ્મો છે. તે છે ઝાહિર, બાતિન, હકીકત અને દકીકત. તેમાં ઝાહિર તે કિતાબ **રસાઇલે ઇખ્વાનુસ્સફા** છે, જે પાની મુજબ છે. બાતિન તે **તાવીલુદ્દઆઇમ** કિતાબ છે, જે દૂધ મુજબ છે. હકીકત તે ૮૦૦ **મજાલિસે મુઅય્યદીયહ** છે જે શરાબે તહૂર મુજબ છે. દકીકત તે **રાહતુલ અક્લ** કિતાબ મુજબ છે, જે સાફ મધ છે. જે આ ચાર કિતાબો દાઈએ હક્કને નઝદીક પઢે તે કામિલ મુમિન મુસ્તજીબ કહેવાય. ✫

**ઈલ્મ લીધા બાદ તેના મુતાબિક અમલ કરવો છે.**

## લફઝી કશ-મ-કશ

**✵ ઉભી તરકીબ :**

૧) ------ અને જીત, ઈન્સાનની ઝિંદગીની હકીકતનાબે રૂખ છે. આ બેવે હોય તો હમને હમારી ઝિંદગીનો મકસદ હાસિલ થાય છે. (૨)

૨) મૌ. મુસ્લિમ, મૌ.------ (અ.સ.) ના ફરઝંદ હતા. આપ સફીરે મૌ.ઈમામ હુસૈન (અ.સ.) બનીને કૂફા ગયા હતા અને ત્યાં જ આપે જામે શહાદત પીધું હતું. (૩)

૩) ------ લિબાસ પહેરીને મસ્જિદ તરફ જાનાર હર શખ્સની ઈબાદત કામિલ હોતી નથી. બાહરથી ખૂબસૂરત દેખાતી હર એક ચીઝ નાયાબ હોતી નથી. (૩)

૭) દુશ્મની, અદાવત, બુગ્ઝ. (૨)

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | X | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**✵ આડી તરકીબ :**

૨) મોટા ગુનાહોની મુઆફી વાસ્તે કાઅબતુલ્લાહના નઝદીક યા ------ ના મૈદાનમાં હાઝિર થાવું પડે અને તૌબા કરવી પડે. (૩)

૪) હમારો અકીદો છે કે, આ દુનિયા અને તેની ચીઝો ફાની છે, મગર આખેરત અને તેના દરજાઓ ------ છે. (૨)

૫) દિલની હાઝિરી સાથે જો હમેં ઈબાદત કરીએ તો હમારા ગુનાહો એ તરહ બખ્શાય યા આઅમાલમાંથી પડી જાય, જે તરહ ------ની મૌસમમાં દરખ્ત પરથી પત્તાઓ ખિરી જાય છે. (૨)

૬) હમારી શરીઅતે હર ચીઝ વાસ્તે એક હદ તય કીધેલી છે, ------ પાડેલી છે. તે મુજબ કાનૂનથી ઝિંદગી ગુઝારવાથી શરીઅત હમારી મુહાફિઝ રહે છે. (૩)

**ગયા શુમારાના લફઝી કશ-મ-કશનો ખુલાસો :-**

| | | | | |
|---|---|---|---|---|
| | | દા | | |
| | ક | દ | ર | |
| બુ | રા | X | સ | ફા |
| | ર | ક | મ | |
| | | ફા | | |

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર ઝુલ હિજ્જતિલ હરામ મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે.

**ખાસ તવજ્જોહ:** મિશ્કાતુલ હાદી દીની અખ્બારમાં આ કોલમ લફ્ઝી કશ-મ-કશ ઘણા વક્તથી ચાલે છે. તેમાં અલ્ફાઝને ગોઠવીને જવાબો આપવાના હોય છે. ઘણી વાર મુશ્કિલ હોય છે, તો ઘણા આસાન પણ હોય છે. કારેઈન પોતાની ઝહેની તાકત અને સુલાહીયત મુજબ જવાબો તલાશ કરવામાં મહેનત કરે છે અને કામિયાબ થાય છે. તવજ્જોહ એ ચીઝનો કે, આ કોલમમાં સવાલો ફક્ત સવાલો જ નથી હોતા. જે પઢનાર ગૌરથી સવાલો પઢે છે તેને ખબર હોય છે કે, અક્સર સવાલોમાં અપની તારીખ, અકીદા અને રસ્મો રિવાજનું રેફેરન્સ હોય છે. સવાલનો શું જવાબ આવે તે એક જુદી બિના છે મગર સવાલ વાંચીને પણ ઘણું બધું જાણી શકાય છે. લેહાઝા, કારેઈન સવાલોને દિલચસ્પીથી પઢે અને જવાબો ઢુંઢવાની બહેતર કોશિશ કરે. ✯

(પેજ નં. ૧ નું બાકી)

અને તમામ મઝહબના આલિમો આ બદીને રોકવા ભેગા થઈ રહ્યા છે. હિન્દુસ્તાન જેવા મઝહબી અને કદીમ મુલ્કમાં જો આ બદી શુરૂ થઈ, તો આ મુલ્ક બરબાદ થઈ જાશે, કુટુંબો તબાહ થઈ જાશે, શર્મો-હયાના પડદા ફાટી જાશે. અલ્લાહતઆલાની બારગાહમાં હર નમાઝ બાદ એ જ દોઆ કરીએ કે, મૌલાના આદમ (અ.સ.) ની આ પાકીઝા ઝમીનને આ બદીથી દૂર રાખે અને હર તરહથી મુમેનીન અમનો અમાનમાં રહે. આમીન. ✯

**ખૈર અમલ, સહીહ ઈલ્મ પર દારોમદાર રાખે છે.**

## ગુલ્શને ફિકહ – શરીઅતનું હલાલો હરામ

### બીમારીની ઝિક્ર - કિસ્ત -૯

પાઁચમાં ઈમામે ફાતેમી મૌ.અબૂ અબ્દિલ્લાહ જાઅફર બિન મોહંમદ (અ.સ.) ફરમાવે છે કે, કોઈ શખ્સ બીમાર હોય, લાઝિમે બિસ્તર હોય, ઝિંદગીના આખિરી લમ્હાત હોય અને એના ઘરના લોગો એના નઝદીક હોય, તો આ જાનકુની-એહતેઝારના વક્ત દોઆ પઢનાર એ મરીઝના માથાને પાસે બેસે અને આયતુલ કુરસીની તિલાવત કરે. "અલ્લાહો લા ઈલાહા ઈલ્લા હોવા ........ હુમ ફીહા ખાલેદૂન." આ વક્ત તે છે કે, મરીઝના જિસ્મ માંથી આહિસ્તા-આહિસ્તા જાન નિકલતો હોય છે. આયતુલ કુરસી પઢવાના સબબ મરીઝ પર ઈનાયાતે મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) નાઝિલ થાય છે.

આયતુલ કુરસી બાદ બીજી બે આયતો પણ પઢવી લાઝમી છે. જેનો મફહૂમ આ મુજબ થાય છે કે, "શું નથી જોયું તમેં એ શખ્સ નિમ્રૂદને કે, જેએ મૌ.ઈબ્રાહીમ ખલીલુલ્લાહ સાથે આપના રબ્બ મુતઅલ્લિક હુજ્જત કીધી. આ વાસ્તે કે, અલ્લાહતઆલાએ આપને મુલ્ક અતા કીધું. જે વક્ત મૌ.ઈબ્રાહીમે ફરમાવું કે, મારો રબ્બ તે છે કે જે ઝિંદા કરે છે અને મૌત આપે છે, તો નિમ્રૂદ બોલો કે, હું પણ લોગોને ઝિંદા કરૂં છું અને મારૂં છું. મૌ.ઈબ્રાહીમે જવાબમાં ફરમાવું કે, ઝરૂર ! **અલ્લાહ સૂરજને મશ્રિકથી ઉગાવે છે, તો તું તે સૂરજને મગરિબથી ઉગાવીને બતાવ.** તે વક્ત એ કાફિર મક્કાર હૈરત અને પરેશાનીમાં પડી ગયો. એના પાસે કોઈ જ જવાબ યા હીલો યા હુજ્જત બાકી રહી નહીં. અલ્લાહતઆલા ઝાલિમ લોગોને સીધી રાહ નથી બતાવતો."

પછી અલ્લાહતઆલા ફરમાવે છે કે, "તમેં યાદ કરો તે શખ્સ મૌ.ઊઝૈર નબીને કે, જેનો ગુઝર એક ગામ પર થયો અને આપે પાયું કે, તે ગામ વીરાન છે અને તેના ઘરોની છતો પડેલી છે યાઅની રહેવા લાઈક રહ્યું નથી. આ જોઇને આપ બોલા કે, આ ગામની વીરાની પછી અલ્લાહ કેવી તરહ તેને આબાદ કરશે ? તો અલ્લાહતઆલાની આઝમાઈશ એવી થઈ કે, મૌ.ઉઝૈરને ૧૦૦ સાલ તક મૈયેત-મરેલા રાખીને પછી એને દોબારહ ઝિંદા કીધા, ઉઠાવા. પૂછવામાં આવું આપને કે, કેટલા સાલ તક આપ આ હાલતમાં પડેલા હતા ? જવાબ આપો કે, એક દિન યા તેના કરતા પણ કમ વક્ત મારો આ હાલ રહ્યો. આપને કહેવામાં આવું કે, હોશિયાર ! **બલ્કે આપ ૧૦૦ સાલ તક આમ જ પડેલા રહ્યા છો.** આની સચ્ચાઈ એ છે કે, તમેં જોવ તમારા જમન અને પાનીની તરફ કે, તેમાં કોઈ તબ્દીલી દેખાતી નથી, સડન લાગી નથી. જેવું હતું તેવું જ છે. આ સાથે તમેં તમારી સવારી ગધેડા તરફ પણ નઝર કરો. એવું ને એવું જ છે. આ તે વાસ્તે હમેં કીધું છે કે, હમેં તમને લોગો વાસ્તે એક નિશાની બનાવવા ચાહીએ છીએ. તમેં નઝર કરો હાડકાઓ પર કે કઇ તરહ હમેં તેને ઉભારીએ છીએ અને પછી તેને ગોશતનો લિબાસ પહેરાવીએ છીએ. હવે પછી, જે વક્ત આ દલીલો વાઝેહ થઈ, અલ્લાહની નિશાનીઓ ખુલ્લી થઈ, તો પછી કહ્યું કે, હમેં તો જાણીએ છીએ કે, અલ્લાહતઆલા હર ચીઝ પર કુદરત રાખનાર છે."

આ બે આયતોથી અલ્લાહતઆલાની કુદરત સાબિત થાય છે. તે જ મૌત આપનાર અને ઝિંદગી આપનાર છે. સૂરજ અને સિતારા તેના કાબૂમાં છે. તેના નબી અને વલી તેની આ નિશાનીઓ જાણે છે. ઈન્સાન હોવા છતા ખુદાઈનો દાઅવો કરનાર કાફિરો, તેઓની હૈસીયત જાણતા નથી. અલ્લાહતઆલાની કુદરત અને કરિશ્માઈથી મુકાબેલો કરવા બેસી જાય છે અને કરારી હારનો સામનો પણ કરે છે. તે છતા તેઓ ઈબરત લેતા નથી. **મૌતના લમ્હાત ઇન્સાનની મજબૂરી અને બેબસીનો એહસાસ કરાવે છે.** આ લમ્હાતમાં કુરઆની આયતોની તિલાવત મરીઝને એક રૂહાની સુકૂન અતા કરે છે. અલ્લાહતઆલાના વલી અને દાઈની ઈતાઅત જો એ મરીઝના દિલમાં હોય તો આ લમ્હાતમાં એનો અલ્લાહના નૂરથી ઈત્તેસાલ અને જોડાણ થઈ જાય છે. ✫

**મખ્સૂસ શખ્સો, મખ્સૂસ ઈલ્મ વાસ્તે જ હોય છે.**

## વ્યાજ

### (અપની ઝબાન)

વ્યાજને અરબીમાં રિબા કહેચ કે, જેને આમ ઝબાનમાં ઈન્ટરેસ્ટ સી ઓલખાઇચ. અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવેચ કે, "ઝરૂર! જે લોકો ઈમાન લાવા અને નૈક અમલ કીદા, નમાઝને કાઈમ કીદી અને ઝકાતને અદા કીદી, તો એ તમામને અજર મીલસે. આ લોકોને ઝરા પન ખૌફ નથી અને ગમ નથી." રસૂલુલ્લાહ બાવાજી ફરમાવેચ કે, "તમેં અય મારા કલેમો પઢનારા !અલ્લાહસી ડરતા રહો, વેપાર કરો જે તમારા વાસ્તે હલાલ હોય, વ્યાજને છોડી દો, નહીં તો, અલ્લાહ અને તેના રસૂલ સાથે જંગ કીદી એમ ગિનાસે. તૌબા કરસો તો તમારો અસ્લી માલ તમારો છે." યાઅની, તમેં જે વ્યાજ લીદું હોય તે દૈનદારને પાછું આપી દો. બીજી બિના એ છે કે, અગર કરજદાર કોઈ સંગીન તકલીફમાં ગિરફતાર હોય તો તમેં એના પર રહેમની નઝર કરીને મોહલત આપો. મોહલત આપવાને બાવુજૂદ એ તમારો કરઝ ના અદા કરી સકે અને તમેં એને ખૂબ મજબૂર પરામો, તો એને માફ કરી દો.

કોઈને વાસ્તે ખૈર કરવામાં જો હંગામી વક્ત વાસ્તે થોડો ખસારો-નુકસાન જાય તો તેનો બદલો ખૈર જ મિલસે. અલ્લાહતઆલા કોઈને પન બદલો આપવામાં કુસૂર કરતા નથી. વ્યાજ ખાનારાઓને અલ્લાહતઆલા તેની ગિરફ્તમાં લઈને ચાર તરહસી ધમકાવે છે : (૧) આ હરામના પૈસાથી **બદ-હવાસી** આવી જાસે. એનું દિલ સખ્ત થઈ જાસે અને રહેમ બાકી ના રહેવાસી એ જાનવર કરતા બદતર થઈ જાસે. (૨) જહન્નમમાં એનું મખ્સૂસ ઠેકાનું છે. જેમ ઝિનાખોર અને કાતિલનો હશ્ર થાશે એમ બદતરીન અંજામ વ્યાજખોરોનો થાસે. (૩) જે માલ આ હરામ રસ્તેસી એ કમાયો હસે, તે જલ્દીમાં જલ્દી **મિટી જાસે** અને તે માલ બીજી ચીઝોને પન હલાક કરી દેસે. એનો માલ ઝિંદા અને રવાઁ નહીં હોય મગર એક લાશ જેમ બેજાન અને જામેલો થઈ જાસે. (૪) વ્યાજ ખાવાસી એ એવી લડઈ છેડસે કે એના ખિલાફ **અલ્લાહ અને તેના તમામ અંબિયા** હસે. આ જંગ એની હરામખોરીનો પડદાફાશ કરસે અને જહાનમાં એની બેઈઝઝતી થાસે.

વ્યાજ ખાનાર સખ્ત-દિલ, બેરહેમ અને સુસ્ત થઈ જાઇચ. એને પૈસા અને ટકાવારી સિવાય કઈજ સુઝતું નથી. ખૂનના, દોસ્તીના, હમદર્દીના અને ઈન્સાનીયતના તમામ રિશ્તા તોડી નાંખેચ. લોકોની લાચારી, મજબૂરી, પરૈશાનહાલી, તંગદસ્તી એને ખૂબ પસંદ આવેચ. લીસી-લીસી વાતો કરીને, હાથમાં પૈસા થમાવીને લોકોને પોતાની જાલમાં ફસાવેચ. પછી, મજબૂર શખ્સથી પૈસા ભરાતા નથી, લોન અપાતી નથી, બંદોબસ્ત થાતો નથી, તો મિલ્કતો વેચી મારેચ, ઓછી કીમતમાં સોદાઓ કરી દેચ, ઝૈવરાત ગિરવે મુકી દેચ અને લોન શર્કની શદીદ સતામનીના સબબ કોઈનાસી આ દબાવ જો બરદાશ્ત ના થાય અને ફેમિલી પર આવી પડે તો ખુદકુશી પન કરી લેચ. જેના અખ્બાર અવાર-નવાર પેપરોમાં આવા કરેચ. વ્યાજ એક દલદલ છે, તેમાં જે ગયો, એ નિકલવાના બદલે તેમાં ફસાતો જ જાઇચ. શરાબ જેવી આ લત છે, જે બદ છે, તબાહ કરનારી છે. પહેલે પહેલે તો અવલ લાગેચ પન આખિરમાં, આ આદત ઘરનું બધું જ સુકૂનો ચૈન છીનવી લેચ. અલ્લાહતઆલા હમને આ બુરાઈસી બરી રાખે. ✯

---

**અમલ હી ઝિંદગી :**

કહાઁ યે ચાહતા હે કોઇ ઝિંદગી બિગડે,
ગમો મલાલ કા પંજા કભી ઉસે જકડે,
મગર અમલ હી બનાત હે ઝિંદગી અપની,
અમલ હો ખૈર તો કૈસે ઉસે કોઇ પકડે. ✯

**ગૈર શખ્સથી હાસિલ કીધેલું ઈલ્મ, આફત લાવે છે.**

## હાતિમી કલમ અને અલવી ઈલ્મ કિસ્ત - ૫

યમનના તીસરા દાઇએ મુત્લક સૈ.હાતિમ સાહેબ (આ.કુ.) આપની કિતાબ "અલ-મજાલિસુલ હાતિમીયહ" માં મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) અને અબ્દુલ્લાહ બિન સલામ યહૂદીના ગિરોહ સાથે સવાલ-જવાબની ઝિક્ર ફરમાવે છે. ગઈ ૪ કિસ્તમાં ૭ સવાલોની બયાની થઇ ચુકી છે કે, જેમાં અબ્દુલ્લાહએ મૌ.અલી (અ.સ.) ને પૂછ્યું હતું કે, (૧) આસ્માનો અને ઝમીન કરતા કઇ ચીઝ ઝિયાદહ મોટી-અઝીમ છે ? (૨) દરીયા કરતા કઇ ચીઝ ઝિયાદહ ગની છે, ખઝાનેદાર છે ? (૩) કઈ ચીઝ પત્થર કરતા ઝિયાદહ સખ્ત છે ? (૪) આગ કરતા કઇ ચીઝ ઝિયાદહ ગરમ છે ? (૫) કઈ ચીઝ હવા કરતા તૈઝ રફતારથી ચાલે છે ? (૬) કઈ એવી ચીઝ છે જે ફક્ત બંદા વાસ્તે છે અને અલ્લાહતઆલા વાસ્તે નથી ? (૭) કઈ ચીઝ ફક્ત અલ્લાહતઆલા વાસ્તે છે અને બંદા વાસ્તે નથી ? આપે આ સવાલોના જવાબમાં ઈલ્મના ગૌહર-જૌહર નશર કીધા.

આ પાઁચમી કિસ્તમાં બીજો એક સવાલ પૈશ કરવામાં આવે છે. અબ્દુલ્લાહ મૌ.અલીને પૂછે છે કે, **" અય અલી ! આપ મને બતાવો કે, તે કઇ ચીઝ છે જે બંદો જોઇ છે મગર અલ્લાહતઆલા જોતા નથી ? "** આપે જવાબમાં ફરમાવું કે, તે કાફિરનો અમલ છે, બંદા સાથેનો એનો બદસુલૂક, મકરો ફરૈબ, બદઝની, બદકલામી, બેવફાઇ વગૈરહના બદ-તઅલ્લુકાત છે. કાફિર હર તરહથી એના અમલને છુપાવવાની કોશિશ કરે છે. તે ડરથી કે લોગોમાં એની બેઈઝઝતી ના થાય, ફઝીહતી ના થાય. એનો આ રસ્તો-તરીકો એને જહન્નમ તરફ ધકેલશે.

અલ્લાહતઆલા એવા લોગો વાસ્તે કુરઆને કરીમમાં ફરમાવે છે કે, "ઝરૂર ! એ લોગો જે છુપાવે છે તે કિતાબને કે, જેને અલ્લાહતઆલાએ ઉતારી અને આ અમલે બદના બદલામાં દુનિયાની થોડી કીમત-દૌલત લે છે કે, જેને તેઓ ઘણો મોટો ફાયદો સમઝે છે. મગર તેઓની આ જાહિલાના હરકત છે, તેઓ ભારી નુકસાનમાં છે. **તેઓ પોતાના પેટો વાસ્તે કઇ તેમાં જમણ નથી નાંખતા પણ આગથી પેટોને ભરે છે.** આના સબબ યૌમે કેયામત અલ્લાહતઆલા તેઓ સાથે વાત નહીં કરે, તેઓને પાક નહીં કરે. યાઅની કે, આ નાપાક લોગો વાસ્તે અલમનાક અઝાબ છે, દર્દનાક અંજામ છે.

બીજી એક જગા પર ઉપર મઝકૂર કુરઆની આયતના મફહુમની જ બયાની છે કે, "ઝરૂર ! એ લોગો કે જે અલ્લાહતઆલાને આપેલા અહેદો-મીસાક, વાઅદા, કસમોના બદલામાં દુનિયાવી થોડા ફાયદા વાસ્તે, દૌલત અને નામવરી વાસ્તે સોદો કરે છે, ઈમાનને વહેંચી દે છે, મીસાકને તોડી નાંખે છે, તેઓ વાસ્તે આખેરતમાં કોઇ નસીબ નથી, કોઈ દરજા નથી અને કોઇ નજાત નથી. **યૌમે કેયામત અલ્લાહતઆલા તેઓ સાથે વાત નહીં કરે** અને તેઓ તરફ નઝર નહીં કરે અને તેઓ નાપાકીની હાલતમાં જ રહેશે. એવા ગુનાહગારો વાસ્તે અલમનાક અઝાબ છે. દહેશતનાક સઝા છે.

કાફિરનો કુફ્ર પોશીદા હોય છે. એમ નથી કે, અલ્લાહતઆલા એના આ અમલે શરથી બેખબર છે. અલ્લાહતઆલા તો, ખબીર છે, બસીર છે, સમીઅ છે, અલીમ છે. મગર ઉપર બયાન થયેલી બે આયતોના મફહૂમને હમેં જોઇએ, તો માઅલૂમ પડે છે કે, યૌમે કેયામત એવો દિન હશે કે, અલ્લાહતઆલા એવા લોગો જે અહેદશિકની કરનાર, વાઅદાખિલાફી કરનાર, દુનિયા વાસ્તે આખેરતને વેંચી દેનાર, પોતાના પેટોમાં હરામ પૈસાથી આગ જેમ જમન ભરીને આવનારને સાથે વાત જ નહીં કરે યા તેઓ સામે જોઈ જ નહીં. યાઅની અલ્લાહતઆલા જાણે તેઓના કુફ્રથી બેખબર થઇ જાશે, તેઓનું હોવું યા ના હોવું એક જેવું હશે, તેઓ પર અલ્લાહનો ઝરા પણ કરમ નહીં હોય.

(બકીયહ પેજ નં.૧૧ પર)

**આલિમ-શાગિર્દ આમને સામને, ઉપર-નીચે બેસે તો જ ઈલ્મનો મકસદ બર આવે છે.**

## રઝાએ ઈમામે હક્ક : કિસ્ત – ૮

**કિતાબ : તન્બીહુલ ગાફેલીન**

**દાઇ એ હક્ક : સૈ.હાતિમ મુહીયુદ્દીન સાહેબ (આ.કુ.)**

હર ઝમાનમાં ઈમામનું હોવું તે ઝમાનાને હયાત બખ્શે છે. આપ આપના નૂરથી ઝમીનો આસ્માનમાં ઝિંદગી બખ્શે છે. આપની હિદાયતથી તે ઝમાનાના લોગોમાં હક્કની રાહને રોશન કરે છે. દીનદારી અને ઈબાદતગુઝારી ના મકસદો મંઝિલને અયાઁ-બયાઁ કરે છે. ખુશકિસ્મત છે એ તમામ લોગો જે ઈમાનની દાદર ચઢીને મુમેનીનના લકબથી ખાસ થયા અને **ઇમામે હક્કની માઅરેફત-ઇતાઅત-ખિદમતના નૂરથી પોતાના જિસ્મો જાતને ઝીનતદાર કીધા.** કોઈ ઝમાનો ગુઝરે જ ના કે જે વક્ત આ ઝમીનની પીઠ પર ઈમામે હક્ક ના હોય. ઈમામ બગૈર ઝમીનો આસ્માન ની મખ્લૂકાતનું હોવું યા કાઈમ રહેવું નામુમ્કિન છે, કેમકે, આપ અલ્લાહતઆલા તરફથી તે હૈસીયતથી હુજ્જત છે કે, જે લોગોને હર જાનદાર યા ગૈર-જાનદાર ચીઝોના ઝરીએ અલ્લાહતઆલાની વહેદાનીયત અને કઝાઓ કદરની યાદ અપાવે છે. આપ જ મુમેનીનને શરીઅતની મઝબૂત રસ્સીથી બાંધીને રાખે છે. આપના હુકમો ઈલ્હામથી આપના દોઆત પણ આ જ આપના અમલ પર કામિલ તૌરથી ચાલે છે.

અબિત્તૈયાર કહે છે કે, હું મૌ.ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ને ફરમાવતા સાંભલા છે કે, આ દુનિયાનો કરાર અને ઠહેરાવ હમારા અને હમારા શીઆઓના સબબ જ છે. આ દુનિયાની હર ચીઝ પર હમેં મુખ્તાર છે. હમારી ઈમામત હરએક ચીઝ, ઈન્સાન યા ગૈર-ઈન્સાન પર હાવી છે. હર એક જગા અને તેમાં વસનાર હર નાની-મોટી, હાઝિર-ગાઈબ ચીઝો ઈમામતના ઘેરાવ માં આવી જાય છે. **હર એક ચીઝ પર હમારો અને હમારા શીઆઓનો હક્ક છે.** લેહાઝા, અલ્લાહતઆલા પોતાની ખિલ્કત-પૈદાઇશને તેઓની પાસે જે હોય છે તેનો સવાલ કરે છે. ખાલિકે અકબર અલ્લાહતઆલા પોતાની મખ્લૂકથી કોઈ હાજિત રાખતા નથી યા તો કોઈ ચીઝના નિયાઝમંદ હોય યા મખ્લૂકના ઝરીયે કોઈ તકાઝો પૂરો થાતો હોય, ના એમ નથી. પણ લોગોના માલમાં તેના મુમિનનો હક્ક છે અને તેના ઈમામ શાહિદ છે, તેથી મખ્લૂકને તે બાબત સવાલ કરે છે.

અલ્લાહતઆલાએ મુમિનના દરજા ઘણા બલંદ કીધા છે. આના સબબ બીજા લોગો દરમિયાન એની ઈઝઝત છે, શરફ છે. બીજા જાણે છે કે, મુમિનને આ દરજા આમને આમ નથી મિલા, મગર એની મહેનત, ઈખ્લાસ અને સબરના બલ પર એં ઈમાનની સીડીઓ ચઢેલી છે. બીજા લોગો એની તરફ જોઈને હસદ પણ કરે છે. તેઓથી દરજા જોવાતા નથી. મગર તેઓ જાણે છે કે, મુમિનનો આ શરફ હાસિલ કરવો તેઓ વાસ્તે કેટલું મુશ્કિલ કામ છે. કેટલા ભારી ઈમ્તેહાનથી ગુઝરવું પડે છે. ઝમાનાના લોગોની બેવફાઈના કેટલા કડવા ઘૂંટ પીવા પડે છે. જો આ એટલું જ આસાન હોત તો કાફિરો તમામે તમામ, મુમેનીનના ઝુમ્રા અને દાએરામાં શામિલ થઈ જાત. મગર એમ નથી, **મુમિન થોડા જ છે, હતા અને રહેશે.** ✫

---

(પેજ નં. ૧૦ નું બાકી)

મૈદાને હશ્રમાં જે વક્ત મુખ્લિસ બંદાઓ-મુમેનીન એ કાફિર લોગોને જોશે કે, તેઓનો આ મુજબ હાલ શું કામ છે ? મુમેનીન તેઓના બુરા અંજામ વાસ્તે તેઓને પૂછશે અને કહેશે કે, “દુનિયામાં હમેં તમને તમારા કરતૂતો વાસ્તે આગાહ કરતા હતા, તમને ઈન્ઝાર કરતા હતા, અઝાબથી ડરાવતા હતા, મગર તમેં હમારી મઝાક કીધી અને **હમારી કોઇ વાત પર તવજ્જોહ ના કીધો.** આજે તમારૂં કોઈ સાંભલનાર નથી, તમારા સામે કોઈ જોનાર નથી, તમારી કોઈ આબરૂ નથી, જાણે કે, તમેં છે જ નથી ! કેમકે, અલ્લાહના રસૂલની હિદાયતથી તમેં કોઈ જ ફાયદો ના લીધો, તમેં તમારી ઝાતમાં નુકસાન કીધું. લેહાઝા, નારે જહન્નમ હવે તમને તેનો લુકમો અને જમન બનાવી દેશે.” ✫

**ઈન્ટરનેટ યા બીજા કોઈ મીડિયા પરની ચીઝો પુરખતર હોય છે.**

## દરસે લિસાનુદ્દાઅવત

### ٢ فرشته

الله تعالیٰ فرماوے چھے که، "همیں انسان نے پیدا کیدو انے همیں اهنا نفس و جان نی وات نے جانیئے چھے۔ همیں تهنے گهنا قریب چھے۔ یهاں تک که، همیں اهنی شهہ رگ کرتا پن قریب چھے۔ اهنی کوئی وات همارا تهی پڑده ما نتهی۔ دل نا حالات تهی همیں واقف چھے۔

اهنی جمنی بازو انے ڈابی بازو، یعنی اهنا بیوے کهبا اوپر 2 پهرے گیر اهنا اوپر نظر راکهنار فرشتاؤ اهنا هر عمل نی تلقی کرے چھے، قبول کری لے چھے۔ یه شخص ایک لفظ نتهی بولتو مگر اهنا نزدیک اهنا اعمال نے لکهنار محافظ تیار هوئی چھے۔ ذرا پن وقت لاگتو نتهی۔ مگر همارا دفتر ما اهنا اعمال لکهائی جائی چھے۔

هر ایک شخص ساتهے اهنا 2 محافظ فرشته هوئی چھے جهنے "متلقیان" کهے چھے۔ ایک فرشته اهنا جمنی جانب هوئی چھے جه حسنات-بهلائی انے نیکی نا کاتب هوئی چھے انے جه شهید-گواه نی ذمه داری ادا کرے چھے۔ بیجا فرشته اهنا ڈابی جانب هوئی چھے جه سیئات-برائی انے بدی نا کاتب هوئی چھے انے جه سائق-هانکنار نی ذمه داری ادا کرے چھے۔ آ شهید-سائق زمانه نا امام حق نا تابعدار هوئی چھے۔ بیوے ایم چاهے چھے که، هر ایک بنده صراط حق پا قائم رهے۔

تمام نا دل اوپر ایک طرف دعوت دینار فرشته انے بیجی طرف فتنة کرنار شیطان هوئی چھے۔ فرشته عمل صالح نو امر کرے تو شیطان تهنا خلاف عمل طالح نو هونکار بهرے، تهنا ناپاک بول تهی عمل صالح نے پلٹاووانی کوشش کرے۔ شیطان بنده نے معصیت پر آماده کرے تو فرشته اهنے روکے۔ جمنی طرف والا فرشته کاتب الحسنات هوئی چھے انے ڈابی طرف والا فرشته کاتب السیئات هوئی چھے۔

بنده ایک نیکی کرے که فورا نیکیو لکهنار فرشته تهنا ساتهے 10 نیکیو لکهی دے چھے۔ جو یه ایک برائی کرے، تو نیکی لکهنار، برائی لکهنار فرشته نے کهے که، "ٹهری جا، آ بنده نے 7 کلاک نی مهلت آپ، جه تهی یه بنده توبه کری لے۔" برائی نو بدله ایک ج هوئی چھے مگر نیکی نو بدله 10 گنا، 70 گنا، 700 گنا، 7000 گنا، 70000 گنا پن هوئی چھے۔

### બે ફરિશ્તા

અલ્લાહતઆલા ફરમાવે છે કે, “હમેં ઈન્સાનને પૈદા કીધો અને હમેં એના નફસો જાનની વાતને જાણીએ છીએ. હમેં એને ઘણા કરીબ છીએ. યહાઁ તક કે, હમેં એની શેહ રગ કરતા પણ ઔર ઝિયાદહ કરીબ છીએ. એની કોઈ વાત હમારાથી પડદામાં નથી. દિલના હાલાતથી હમેં વાકિફ છીએ.”

એની જમણી બાજૂ અને ડાબી બાજૂ યાઅની એના બેવે ખભા ઉપર બે પહેરેગીર, એના ઉપર નઝર રાખનાર (બકીયહ પેજ નં.૧૪ પર)

## હુનૈદી, હિન્દુસ્તાની યા હિન્દુ : કિસ્ત – ૮ (આખિર કિસ્ત)

વડોદરા શહેરની ઝમીન હમારા વાસ્તે એક અઝીમ નેઅમત છે. દાઅવતે હક્કનું મરકઝ જે વક્ત અહમદાબાદથી વડોદરા મુન્તકલ થયું અને ૩૨માં દાઈયુલ્લાહિલ અમીન સૈ.જીવાભાઈ ઝિયાઉદ્દીન સાહેબ (આ.કુ.) ૧૧૧૦ હિ. માં પધારા તે વક્ત વડોદરાના કિલ્લામાં શીઈયતનો ડંકો વાગતો હતો. ગેંડીગેટ અને ચાંપાનેરની હમારી મસ્જિદો આબાદ હતી. હમારા મુમેનીનની રેહાઇશ અને દુકાનો તે જ ઈલાકાઓ યાઅની કોટ વિસ્તારમાં હતી. ઝબાનમાં મીઠાશ, ઈન્કેસારી, મિલનસારી, વાઅદા-વફાઇ, ખુશમિઝાજી, ખુશવહેવાર, મોહબ્બતે મુલ્ક, રવાઁદારી, **આ તમામ ખુસૂસીયત હમારામાં હતી અને આજે પણ છે.** તે વક્ત હમેં અલવી મુમેનીનની અલાહેદા સાખ, પહેચાન અને ઈઝ્ઝતમઆબી હતી. હિજરત બાદ તે ઝમાનમાં શીઆ મીયાઁ મહેમૂદે જે ઝમીનનો તોહફો હમારા દાઈ મૌલા ઝિયાઉદ્દીન સાહેબને **આપના રોઅબ અને હક્કાનીયતના સબબ** અતા કીધો હતો તે હાલમાં પણ બરકરાર છે, મૌજૂદ છે અને આબાદ છે.

આ તોહફો વાડી ઈલાકામાં, જ્યાં ફલ-ફૂલના બેશુમાર દરખ્તો હતા, ઝમીનનો એક ટુકડો જે હમારા વાસ્તે જન્નતનો એક બેમિસાલ નમૂનો સાબિત થયો, તે છે. મારૂ ફલીયાના છેડાથી લઈને નૂરાની મસ્જિદના કોણા તક અને ત્યાંથી લઈને મીયાં મહેમૂદની અસ્લી મસ્જિદ તક, એમ **" એલ "** આકાર-શેપમાં હમારા બે મોટા મોહલ્લા હતા. આજ તક હમેં કોઈ પણ જગા પર પારકી-કોઈ બીજાની ઝમીન પર નાહક્ક કબ્ઝો કીધો નથી, પચાવી-પડાવી નથી, હડપ કીધી નથી, મગર બીજી કૌમના લોગોએ હમારી બેહિસાબ ઝમીનો પચાવી પાડેલી છે અને આ સિલસિલો આજે પણ ચાલું છે.

૩૨ માં દાઈ મૌલા ઝિયાઉદ્દીન સાહેબ (આ.કુ.) અને આપના બાદ આવનાર દોઆતે કિરામની આજ વસીયત હતી કે, "આ હમારો મુલ્ક અને હમારૂં વડોદરૂં, શહીદે આઅઝમ સૈ.અલી સાહેબ (આ.કુ.) ની જાએ વિલાદત છે, મદીનતે માદર છે, તો અય મુમેનીન ! તમેં હરગિઝ આ જગા-ઝમીનથી જુદા ના થાજો. ગમે તેવા ઈમ્તેહાન આવે, મુસીબતો આવે મગર તમેં સબર કરજો અને યહાઁ જ આબાદ થાજો. સૈ.અલીના મુખ્લિસ મુમેનીન વાસ્તે **આ જ ઝમીન રૂહાની-જિસ્માની તરક્કીની સીડી છે, જન્નતનો એક નાયાબ ટુકડો છે. "**

ઝમાનો ગુઝરતા મીયાઁ મહેમૂદની મસ્જિદ, ચાંપાનેરની મસ્જિદ અને લાડવાડાની મસ્જિદ હમારા હાથમાંથી નિકલી ગઈ અને તેના ઉપર ગૈર લોગોએ કબ્ઝો જમાવી દીધો. બીજી તરફ બદરી મોહલ્લાની ઝિયાઈ મસ્જિદ અને કબ્રસ્તાનની મસ્જિદ વુજૂદમાં આવી. મોઅતદલ મૌસમ, બહેતર આબોહવા, બીજા શહેરોમાં આવવા-જાવાની આસાની, મઆશ વાસ્તે ચીઝોની આસાન દસ્તયાબી વગૈરહના સબબ હર તકલીફનો સામનો કરીને દાઈયુલ્લાહના સાયામાં ૧૨ પેઢીઓથી વડોદરાની બાબરકત ઝમીન પર હમારા આબાઓ અજદાદ સુકૂન-પિઝીર રહ્યા, કામિયાબ થયા.

૪૨માં દાઈ મૌ.બદરૂદ્દીન સાહેબ (આ.કુ.) ના ઝમાનમાં હમારા મુલ્કે હિન્દુસ્તાનમાં તફરેકો થયો. હિ.૧૩૬૬ માં તે બે હિસ્સામાં તકસીમ થઈ ગયું, હિન્દુસ્તાન અને પાકિસ્તાન. આ હમારા મુલ્ક વાસ્તે ગહેરો ઝખ્મ હતો, કેમકે, મઝહબની બિના પર હમેશા વાસ્તે સરહદો ખેંચી લેવામાં આવી અને મુલ્કના ઈત્તેહાદ અને ઈત્તેફાક ઝલઝલામાં વાકેઅ થઈ ગયો. મૌલા બદરૂદ્દીન સાહેબના નઝદીક જમાઅતના ચંદ આઅયાન આવા અને કહ્યું કે, **" સાહેબ ! હમને પાકિસ્તાન મુન્તકલ થઇ જાવું જોઇએ. હવે તે જ હમારા મઝહબની જગા છે. યહાઁ હમારી કોઇ જ સલામતી નથી. "**

(બકીયહ પેજ નં.૧૪ પર)

**મૌત તક ઈન્સાન શાગિર્દ – સ્ટૂડન્ટ જ રહે છે.**

(પેજ નં. ૧૩ નું બાકી)

આપ મૌલાએ ફરમાવું કે, "ખબરદાર ! **હમારો મુલ્ક હમારો મુહાફિઝ છે.** હમારો મુલ્ક હમારા વાસ્તે જાનથી પ્યારો છે. કોઇએ પણ આ શહેર છોડીને જાવાનું નથી. હમારી ઝિંદગી અને મૌત આ જ ઝમીનમાં છે. હમારી રોઝી અને બહેબૂદી યહાઁ જ છે. હમારા લોગો, હમારા ભાઇઓ, હમારો મુઆશેરો, હમારો મોહલ્લો, હમારા મોહિબ્બો યહાઁ જ છે. **આ જ ઝમીન હમારા દીનો દુનિયાનું પાલ્લું છે.**" આપના આ કલામે મુનીર જમાઅતના તમામ મુમેનીને સર-આઁખો પર ઉઠાવી લીધા અને આજે હમેં સૈયદનાની દોઆથી આબાદી-ખુશહાલીની ડગર પર છે. જે ચંદ લોગો ગુમ્રાહીના રાસ્તા પર જમાઅતથી વિખૂટા પડીને ચાલા ગયા તે તમામનું નામો નિશાન મિટી ગયું.

હમેં હકીકી હિન્દી મુમેનીન છે અને હમેશા રહીશું. હમારી દાઅવતે હક્ક આ હિન્દુસ્તાનથી જ શુરૂ થઇ છે અને યહાઁ જ અંજામ પર પહોંચશે. હુનૈદિસ્તાનની આ બાઅઝમત ઝમીનની દિલકશ આબોહવા અને હિન્દુ સપૂતોની મોહબ્બત, લાગણી અને ભાઇચારો હમેં તમામ અલવી બોહરા મુમેનીન વાસ્તે હમેશા-હમેશા આબાદી-તરક્કીની રાહ બતાવતી રહેશે. ૪૫માં દાઇએ મુત્લક સૈ.અબૂ સઇદિલ ખૈર હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) ની પુરઅસર દોઆઓથી હમારા આ મુલ્કે અઝીઝની તમામ કૌમો ઇત્તેહાદ-ઇત્તેફાક અને બાહમી મદદથી હિન્દુસ્તાનનું નામ આલમમાં રોશન કરતી રહેશે. હર ફન-શોઅબામાં તરક્કીની મંઝિલો સર કરતી રહેશે. આમીન યા રબ્બલ આલમીન.

**ઝમીને હિન્દ કા હર એક ઝર્રા નૂરે ઇમાઁ હે,**
**ઉસી સે ઝૌફિશાઁ હોકર ખિલા એક હક્ક કા બુસ્તાઁ હે,**
**યહાઁ કી શય મેં લઝ્ઝત હે, હે ખુશ્બૂ ઔર રંગત ભી,**
**મોહબ્બત ઇસ સે કરતે હૈં, હમારા યે નિગેહબાઁ હે.** ✫

---

(પેજ નં. ૧૨ નું બાકી)

ફરિશ્તાઓ એના હર અમલની તલક્કી કરે છે, કબૂલ કરી લે છે. એ શખ્સ એક લફ્ઝ નથી બોલતો મગર એના નઝદીક એના આઅમાલને લખનાર મુહાફિઝ તૈયાર હોય છે. ઝરા પણ વક્ત લાગતો નથી. મગર હમારા દફતરમાં એના આઅમાલ લખાય જાય છે.

હર એક શખ્સ સાથે એના બે મુહાફિઝ ફરિશ્તા હોય છે જેને "**મુતલક્કેયાન**" કહે છે. એક ફરિશ્તા એના જમણી જાનિબ હોય છે જે હસનાત-ભલાઇ અને નૈકીના કાતિબ-લખનાર હોય છે અને જે શહીદ-ગવાહની ઝિમ્મેદારી અદા કરે છે. બીજા ફરિશ્તા એના ડાબી જાનિબ હોય છે જે સૈયેઆત-બુરાઇ યાઅની બદીના કાતિબ-લિખનાર હોય છે અને જે સાઇક-હાંકનારની ઝિમ્મેદારી અદા કરે છે. આ શહીદ-સાઇક ઝમાનાના ઇમામે હક્કના તાબેઅદાર હોય છે. બેવે એમ ચાહે છે કે, હરએક બંદો સિરાતે હક્ક પર કાઇમ રહે.

તમામના દિલ ઉપર એક તરફ દાઅવત દેનાર ફરિશ્તા અને બીજી તરફ ફિત્નો કરનાર શયતાન હોય છે. ફરિશ્તા અમલે સાલેહનો અમર કરે તો શયતાન તેના ખિલાફ અમલે તાલેહનો હુંકારો ભરે, એના નાપાક બોલથી અમલે સાલેહને પલટાવવાની કોશિશ કરે. શયતાન બંદાને માઅસીયત પર આમાદહ કરે તો ફરિશ્તા એને રોકે. જમણી તરફવાલા ફરિશ્તા કાતિબુલ હસનાત હોય છે અને ડાબી તરફવાલા ફરિશ્તા કાતિબુલ સૈયેઆત હોય છે.

બંદો એક નૈકી કરે કે, ફૌરન નૈકીઓ લિખનાર ફરિશ્તા તેના સાથે ૧૦ નૈકીઓ લખી દે છે. જો એ એક બુરાઇ કરે, તો નૈકી લિખનાર, બુરાઇ લિખનાર ફરિશ્તાને કહે કે, "ઠહેરી જા, આ બંદાને ૭ કલાકની મોહલત આપ. જેથી એ બંદો તૌબા કરી લે." બુરાઇનો બદલો એક જ હોય છે મગર નૈકીનો બદલો ૧૦ ગુના, ૭૦ ગુના, ૭૦૦ ગુના, ૭૦૦૦ ગુના યા ૭૦,૦૦૦ ગુના પણ હોય છે. ✫

**શીખેલી ચીઝ બરાબર યાદ રહે તે વાસ્તે તેને વારંવાર યાદ કરવું, દોહરાવવું લાઝિમ છે.**

## મસ્જિદ કઈ ? કિસ્ત – ૩

અલ્લાહતઆલા કુરઆને મજીદમાં સૂરતુત્તૌબહમાં મસ્જિદે ઝેરાર વાસ્તે બયાન ફરમાવે છે કે, "મુમેનીનને દરમિયાન તફરીક, જુદાઇ અને નાઈત્તેફાકી કરવા જે લોગોએ મસ્જિદ બનાવી કે જેથી ઈસ્લામમાં મઝર્રત, નુકસાન અને કુફ્રને પૈદા કરી શકે અને ઘાત લગાવીને મુમેનીન પર હમ્લો કરી શકે, તો તેઓમાંથી એ શખ્સે મુનાફિકે અલ્લાહ અને અલ્લાહના રસૂલ સાથે પહેલાથી જ જંગ કીધી છે. અલ્લાહતઆલા શહાદત દે છે કે, તેઓ જૂઠા છે અને નૈકીના ઈરાદા વાસ્તે તેઓનું કસમ ખાવું પણ જૂઠ છે."

"તે મસ્જિદે ઝેરારમાં આપ કદી પણ ઊભા ના રહેજો, તેમાં દાખિલ ના થાજો. આ સિફતના બિલકુલ ખિલાફ જે મસ્જિદનો પાયો પહેલા દિનથી જ તકવા પર છે, તેમાં આપની અને આપના દીનની ઈઝ્ઝતો એહતેરામની કોશિશ થાય છે, તે જ મસ્જિદ આપના લાઈક છે કે, આપ તમામ તેમાં નમાઝ વાસ્તે, હિદાયત વાસ્તે, ખૈરખ્વાહી વાસ્તે ઊભા રહી શકો. તે મસ્જિદે તકવા, જે **મસ્જિદે કુબા** છે તેમાં કેટલાક એવા મરદો છે કે, જે તહારત-પાકીને પસંદ કરે છે અને અલ્લાહ પણ પાક લોગોને ચાહે છે."

મસ્જિદે ઝેરારવાલાઓનો મકસદ એ જ હતો કે, કુફ્ર અને ફિત્નાને બઢાવો આપે, લોગો દરમિયાન રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) અને મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) વાસ્તે ગલત-સલત વાતો ફેલાવે અને ઈસ્લામને નુકસાન પહોંચાવે. આ સાથે પોતાની ફસાદખોરી અને નિફાક પર પડદો પાડવા તેઓ કસમ ખાઈને એમ જતાવે છે કે, હમેં તો ઈસ્લામની બહેતરી ચાહીએ છે. હમેં નબી સાહેબને ખિલાફ નથી. મગર, અલ્લાહતઆલા શહાદત દે છે કે, "આ તો તેઓની બનાવટ છે, જૂઠ છે. તમેં ! અય મારા રસૂલ ! હમેશા વાસ્તે તમેં તેમાં નમાઝ ના પઢજો, ઊભા ના રહેજો. ગોયા, **તે મસ્જિદ તમારા વાસ્તે છે જ નહીં ! તે તો બુતખાના કરતા પણ બદતર છે.**"

પહેલા દિનથી જ જે મસ્જિદની અસાસ-નીવ તકવા પર હોય, જે પરહૈઝગાર લોગોથી આબાદ હોય, જેના સાથે તમારી ઈઝ્ઝત અને તમારા મુખ્લેસીન-મુમેનીનની ઈબાદત જોડાયેલી હોય, તે મસ્જિદુત્તકવામાં કિયામ કરવું, નમાઝ પઢવું ઝિયાદહ બહેતર છે. આ મસ્જિદ સાથે તઅલ્લુક રાખનાર મરદો એવા છે કે, જે નાપાકીને નાપસંદ કરે છે. **તહારતના હર પહેલૂમાં તેઓની નઝર છે.** તેઓ પોતાની ઝિંદગીને પાકીઝગીની ચાદરથી ઢાંકી દે છે. અલ્લાહતઆલા એવા જ લોગોને ચાહે છે, જેનો રિશ્તો તહારત સાથે મઝબૂત હોય. તો જ તેઓ મુનાફેકીનની શયતાનીયતથી આઝાદ રહી શકે છે.

આ મસ્જિદુત્તકવા તે **મસ્જિદે કુબા** છે. આ મસ્જિદના નમાઝીઓની આદત એવી હતી કે, તેઓ બરાબર ઈસ્તિન્જા કરતા હતા. નાપાકીને બરાબર સાફ કરતા હતા. ઈંટ યા કપડાથી ખડાવ લેતા હતા. તેઓ ખયાલ એવો રાખતા કે, તેઓ પર નજાસતની નિશાની માઅલૂમ ના પડે. વુઝૂ અને ગુસ્લ કરવા પર પાબંદ હતા. મુમેનીનની આ ખસ્લતના સબબ અલ્લાહતઆલાએ તેઓની તહેસીન કીધી, તાઅરીફ કીધી, દરજાને બલંદ કીધા. એવા તહારત-પસંદ લોગો વાસ્તે પોતાની મોહબ્બતનો ઈઝહાર કીધો. અલ્લાહતઆલાએ આ તમામ આદતે હમીદહનો અજર એવો આપો કે, શરીઅતમાં પાકી-તહારત વાસ્તે જે કઇ અહકામ ઉતારવામાં આવા, તેમાં **મસ્જિદે કુબા**ના મુમેનીનની ખસ્લતોની ઝલક નમૂદાર થાય છે.


આ **મસ્જિદે કુબા** તે છે કે, જેમાં નમાઝ અદા કરવાનો સવાબ ૧૦૦ ઉમ્રહ કરવા બરાબર છે. આ તે જ મુબારક મસ્જિદ છે કે, જેની જગામાં રસૂલુલ્લાહ બાવાજી મદીનામાં હિજરત કરીને પધારા તે વક્ત તેમાં ૧૫ અય્યામ તક ઠહેરા હતા અને મૌ.અલી આકાનો યહાઁ જ આપે આવવાનો ઈન્તેઝાર કીધો હતો. હવે જે વક્ત આકા અલી મદીનામાં આપ નબી સાહેબના અહલો અયાલને લઈને પધારા **તે વક્ત બેવે ઇલાહી મકામ ના સાહેબો નબી અને વસી, એક સાથે મદીનામાં દાખિલ થયા.** આપ તમામ અબૂ અય્યૂબ અલ-અન્સારીના ઘર પર ઠહેરા. તે બાદ આપે આપનું ઘર અને મસ્જિદ બનાવી. ☆

**ઈલ્મને ફેલાવવાથી ઈલ્મ વધે છે. હક્કદાર તરફ તે પાણીની મુજબ વહે છે.**

## મુબારકબાદી



ચીનવાલા ઝહરા યૂસુફઅલી



કુવાવાલા હાતિમ ઝુલકરનૈન



સુરતી હુસૈન બદરૂદ્દીન

આ નૌનિહાલ બચ્ચાઓએ શહરૂલ્લાહિલ હરામ - ૧૪૪૪ ના મહીનાના ૩૦ અય્યામના રોઝા રાખેલા છે. તેમના વાલેદૈન સાથે હમેં અલ-હાદીના અરાકીન દોઆએ નેક સાથે મુબારકબાદી આપીએ છીએ.

૯ સાલની ઉંમર બાદ બચ્ચાઓને નમાઝ-રોઝાની તાકીદ કરવી, આદત પાડવી ઘણી ઝરૂરી છે. બચપણાથી જ દીનદારીનો પાયો નંખાયો હશે તો એ ફરઝંદ પૂરી ઝિંદગી નૈક આદત પર કાઈમ રહેશે. બચ્ચાઓ આજે રોઝાદાર બને છે એ વાલેદૈનની તરબીયતની ઉમ્દા નિશાની છે. ✫

## તિજારત


**કોમ્પ્યુટર ઓપરેટર જોઇએ છે.**

**AMIN TRADERS**

**૫, સનરાઇઝ પોઇન્ટ, ચીત્તેખાન હનુમાન મંદીર બાજુમાં, રાવપુરા, વડોદરા.**

**Ph.: 0265-2414340 / 0265-2417296** ✫


**રૂહાની અને જિસ્મની આલમના આલિમ, મૌ.ઈમામુઝ્ઝમાન (અ.સ.) માં તમામ ઈલ્મો આવીને જમા થાય છે.**

## પૈગામે મસર્રત

**કારેઈન સાલેહીન ને ઝુલ હિજ્જતિલ હરામ મહીનાની બે ઈદો – ઈદુઝ્ઝબીહત (૧૦મી તારીખ) અને ઈદુલ વલાયત (૧૮મી તારીખ) ની ઈબાદત, નેઅમત અને સઆદતની ખુશી-ખુર્રમી મુબારક થાય. ઝબીહત અને વલાયત તે મીસાકનો અહમ હિસ્સો છે. આ ઈદની મસર્રત તે છે કે, જેમાં મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની દરજએ વસાયત પર કાઈમ-મકામી અને તાજપોશી હમારા દીન અને ઈમાનની બલંદીનો સબબ બનેલી છે.** ✫

**ઈલ્મ લીધા બાદ પોતાની ઝાતને જોવું, પોતાની કાબિલીયતને માંપવી, કઈ ચીઝમાં હજી કચાશ છે તે જાણવું ઝરૂરી છે.**

**નોંધ :** મુમેનીનના ઘરોમાં અસ-સહીફતુલ અલવીયહ, અસ્હાબુલ યમીન, કિતાબુલ વસાયા, અલવી અકીદાઓની કિતાબ અને A Neo-Fatemid Treasury of Books (Olly Akkerman) કિતાબો હોવી ખૂબ ઝરૂરી છે કે જેની તફતીશ મીસાક યા નિકાહની અરઝ પહેલા કરવામાં આવશે. ✫

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**


**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**

**₹ ૧૦૦/-**

શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.

મેનેજર :- **શૈખ ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**

નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા, વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.